# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-09-2024** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

- મહાનગરપાલિકા વિસ્તારના ધારાસભ્યોને રોડ-રસ્તાના કામ માટે વધારાનું 2 કરોડ રૂપિયાનું અનુદાન અપાશે.
- કેન્દ્રીય મંત્રી પ્રલ્હાદ જોષીએ પ્રધાનમંત્રી સૂર્યઘર અને પ્રધાનમંત્રી કુસુમ યોજનાના અમલીકરણમાં ગુજરાતની કામગીરીને બિરદાવી
- રાજ્યમાં દ્વિ-ચક્રી વાહન માટે નાણાકીય સહાય યોજના અંતર્ગત અત્યાર સુધીમાં 53 હજાર વિદ્યાર્થીએ ઇલેક્ટ્રિક વાહન ખરીદ્યા.
- રાજ્યમાં છેલ્લાં 9 વર્ષમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ કુલ 14 લાખથી વધુ આવાસનું નિર્માણ કરાયું
- વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશનની રચના કરવામાં આવી.
- રાજ્યમાં ટ્રાફિક સંબંધિત સમસ્યાઓના નિવારણ માટે પોલીસે નવી હેલ્પલાઈન શરૂ કરી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# MLA GRANT FOR ROAD REPAIRING

રાજ્યમાં મહાનગરપાલિકા વિસ્તારના ધારાસભ્યોને સભ્યદીઠ 2 કરોડ રૂપિયાનું વધારાનું અનુદાન આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. તે મુજબમાર્ગ-મકાન વિભાગ દ્વારા 43 ધારાસભ્યોને 86 કરોડ રૂપિયા ફાળવવામાં આવશે. તેઓ આ અનુદાનમાંથી રોડ-રસ્તાના કામ કરાવી શકશે.

રાજ્ય સરકારે મહાનગરપાલિકાઓને  સંબંધિત ધારાસભ્યો સાથે પરામર્શ કરીને આ અનુદાનમાંથી કામ હાથ ધરવાના દિશાનિર્દેશ આપ્યા છે.

ઉલ્લેખનીય છે કે, મહાનગરપાલિકા વિસ્તારોના ધારાસભ્યોને પોતાના મતવિસ્તારમાં આવેલા નવા માર્ગ, જૂના રસ્તાઓના સમારકામ જે વિસ્તારમાં ડામર કે કૉન્ક્રિટના માર્ગ બનાવી શકાય તેમ ન હોય તેવા રસ્તાઓ પર પેવરબ્લૉકની કામગીરી કરવા શહેરી વિકાસ વિભાગ દ્વારા અનુદાન ફાળવવામાં આવે છે.

-----------------------

## PM  - SURYAGHAR YOJANA

પ્રધાનમંત્રી સૂર્યઘર અને પ્રધાનમંત્રી કુસુમ યોજનાના અમલીકરણમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર છે. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આ બંને યોજના અંતર્ગત રાજ્યએ કરેલી કામગીરીની સમીક્ષા બેઠકમાં કેન્દ્રીય નવીન અને નવીનીકરણ ઊર્જા મંત્રી પ્રલ્હાદ જોષીએ કહ્યું કે, ગુજરાત પરંપરાગત ઊર્જા ઉત્પાદનમાં અન્ય રાજ્યો કરતાં વધુ સક્રીય રીતે કાર્ય કરી રહ્યું છે.

સમીક્ષા બેઠકમાં રાજ્યના ઊર્જા મંત્રી કનુ દેસાઈએ કહ્યું, પ્રધાનમંત્રી સૂર્યઘર યોજનાના અમીલકરણમાં ગુજરાત બાદ મહારાષ્ટ્ર, કેરળ, ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશનો ક્રમ આવે છે. આ બંને યોજનાના અમલમાં ગુજરાત ટૂંક સમયમાં પોતાનો લક્ષ્યાંક પૂર્ણ કરીને નવો લક્ષ્યાંક સ્થાપિત કરશે.

---------

## BATTERY VEHICLES

રાજ્યમાં બેટરી સંચાલિત દ્વિ-ચક્રી વાહન માટે નાણાકીય સહાય યોજના અંતર્ગત અત્યાર સુધીમાં 53 હજાર વિદ્યાર્થીએ ઇલેક્ટ્રિક વાહનની ખરીદી કરી છે. આ માટે તેમને 56 કરોડ રૂપિયાથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. જ્યારે ત્રિ-ચક્રી વાહન યોજના અંતર્ગત અત્યાર સુધીમાં 925 લાભાર્થીને 4 કરોડ રૂપિયાથી વધુની સહાય ચૂકવવામાં આવી છે.

રાજ્યના આબોહવા પરિવર્તન વિભાગના મંત્રી મુળૂભાઈ બેરાએ જણાવ્યું કે, વર્ષ 2015-16થી અમલમાં આવેલી યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ધોરણ 9થી કૉલેજમાં ભણતા વિદ્યાર્થીઓએ ઇલેક્ટ્રિક વાહન ખરીદ્યા છે. શ્રી બેરાએ ઉમેર્યું કે, ત્રિ-ચક્રી વાહન માટે 48 હજાર અને દ્વિ-ચક્રી વાહન માટે 12 હજાર રૂપિયાની સહાય સીધા જ લાભાર્થીના ખાતામાં જમા કરવામાં આવે છે.

. . . . . . . . . . . . . . . .

## PM AVAS YOJANA

રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ છેલ્લા 9 વર્ષમાં કુલ 14 લાખથી વધુ આવાસનું નિર્માણ કરાયું છે. સત્તાવાર યાદી મુજબ, રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી હેઠળ 8 લાખ 68 હજારથી વધુ અને પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ હેઠળ 5 લાખ 57 હજારથી વધુ આવાસનું નિર્માણકાર્ય પૂર્ણ કરાયું છે.

વર્ષ 2015માં અમલમાં આવેલી પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ગુજરાતને પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી માટે 14 અને ગ્રામીણ માટે 3 પુરસ્કાર પણ પ્રાપ્ત થયા છે.

કેન્દ્ર સરકારે વર્ષ 2020માં એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ કોમ્પ્લેક્સિઝ - ARHCs યોજના હેઠળ આર્થિક રીતે નબળા લોકો અને કામદારોને સસ્તા ભાડાંના આવાસ પૂરા પાડવા માટે જાહેરાત કરી હતી. તેના ત્રણ જ મહિનામાં સુરત શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં નિર્માણ થયેલા 393 આવાસને મોડેલ ઝીરો વન અંતર્ગત ભાડાના મકાનોમાં  રૂપાંતરિત કરીને પ્રૉજેક્ટની મંજૂરી મેળવનારું ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે.

----------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

....................................

## DHUMKETU NAVLIKA PURASKAR

ગુજરાતી ભાષાના સાત વાર્તાકારોને ધૂમકેતુ નવલિકા પુરસ્કારથી સન્માનિત કરાશે.

ગૂર્જર પરિવાર અને ધૂમકેતુ પરિવારના સંયુક્ત ઉપક્રમે આગામી 14મી સપ્ટેમ્બરે વાર્તાકાર - રામ મોરીને "મહોતુ", અજય સોનીને " રેતીનો માણસ" , વિજય સોનીને " વૃદ્ધ રંગાટી બજાર ", જયંત રાઠોડને " ધોલી ધૂળ ", રાકેશ દેસાઇને " ટ્રાયલ રૂમ ", ધર્મેન્દ્ર ત્રિવેદીને "પુષ્પક", અને રાજેશ અંતાણીને તેમના " ખાલી થતું ગામ" વાર્તાસંગ્રહ માટે આ પુરસ્કાર એનાયત કરાશે..

-----------

## World Suicide Prevention Day

આજે વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ છે. આત્મહત્યાનું પ્રમાણ ઘટાડી લોકોમાં જાગૃતિ લાવવાના હેતુસર વિશ્વ આરોગ્ય સંસ્થા- who દ્વારા વર્ષ 2003થી દરવર્ષે 10મી સપ્ટેમ્બરે આ દિવસ મનાવવામાં આવે છે. રાજ્યભરમાં વિવિધ સ્થળોએ આજે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

ગાંધીનગરમાં આવેલી ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના સ્કૂલ એજ્યુકેશન વિભાગ તેમજ ગાંધીનગર જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમમાં નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના અધ્યાપક વિશાલ પરમારે વિદ્યાર્થીઓને આત્મહત્યા નિવારણ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

ભાવનગરથી અમારાં પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે, શહેરની નંદકુંવરબા મહિલા કોલેજની વિદ્યાર્થિનીઓ દ્વારા આત્મહત્યાના વિચારને અટકાવવા માટે નૃત્ય નાટિકા તૈયાર કરવામાં આવી છે. અને શહેરની વિવિધ શાળાઓમાં આ નૃત્ય નાટિકા પ્રસ્તુત કરાશે.

સામાજિક સંસ્થાઓ અને જિલ્લા શિક્ષણ કચેરી દ્વારા આ નિમિત્તે ભુજ, માંડવી, અંજાર, ગાંધીધામ, મુન્દ્રા, નલિયા અને નખત્રાણા ખાતે વિવિધ શાળાઓ દ્વારા જનજાગૃતિ રેલી યોજવામાં આવી હતી.

વેરાવળની મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં આત્મહત્યા નિવારણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

-----------------

## GUJ GRIT FOR VIKSIT BHARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યૂશન ફૉર ટ્રાન્સફોર્મેશન- એટલે કે ગ્રીટની રચના કરવામાં આવી છે. સત્તાવાર યાદી અનુસાર, ટૂંકા અને લાંબાગાળાના લક્ષ્યાંકને હાંસલ કરવા વ્યૂહાત્મક યોજનાઓની રચનામાં આ સંસ્થા માર્ગદર્શક સાબિત થશે.

આ ગ્રિટના સંચાલક મંડળના અધ્યક્ષ તરીકે મુખ્યમંત્રી રહેશે. જ્યારે ઉપાધ્યક્ષ તરીકે નાણામંત્રી અને સભ્યો તરીકે કૃષિ, આરોગ્ય, શિક્ષણ અને ઉદ્યોગ વિભાગના મંત્રીઓનો સમાવેશ કરાયો છે. ગ્રિટના દરરોજના કામકાજ માટે 10 સભ્યોની કાર્યકારી સમિતિ કાર્યરત્ થશે.

ભારતને પાંચ અબજ અમેરિકી ડૉલરનું અર્થતંત્ર બનાવવા માટે કાર્યદળ સમિતિએ કરેલી ભલામણોના અમલીકરણની સમીક્ષા સહિતના કાર્યો ગ્રિટના કાર્યક્ષેત્રમાં આવરી લેવાયા છે. ઉલ્લેખનીય છે કે, 'ગ્રિટ'ની રચના અને તેના કાર્યક્ષેત્ર અંગેના વિધિવત્ ઠરાવ સામાન્ય વહીવટ વિભાગ-આયોજન પ્રભાગ દ્વારા જાહેર કરાશે.

-----

# TRAFFIC POLICE NEW HELPLINE

ગુજરાત પોલીસ દ્વારા રાજ્યમાં ટ્રાફિક સંબંધિત સમસ્યાઓના નિવારણ માટે હેલ્પલાઇન સેવા નંબર **180023 31122** શરૂ કરાયો છે. રાજ્યના કોઈ પણ સ્થળે સર્જાયેલી માર્ગ અકસ્માતની ઘટના, ટ્રાફિકજામની સમસ્યા કે અન્ય ટ્રાફિક સંબંધિત મુશ્કેલીની માહિતી નાગરિકો એક જ ફૉન-કૉલથી આ નવી હેલ્પલાઇનમાં આપી શકશે.

આ માહિતી તાત્કાલિક સંબંધિત વિસ્તારના પોલીસ અધિકારીને પહોંચાડી તેનું નિવારણ કરાશે. ઉપરાંત રાજ્ય પોલીસે અન્ય ત્રણ સુવિધા પણ ઉપલબ્ધ કરાવી છે, જેમાં વેબસાઈટ, ઈ-મેલ આઈડી તેમ જ સ્માર્ટફૉન ઉપયોગકર્તા માટે વિશેષ એપ્લિકેશનની સેવાનો સમાવેશ કરાયો છે.

. . . . . . . . . . . . . . . .

# NEWS IN BRIEF

**હવે રાજ્યના કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં....**

- સાબરકાંઠા જિલ્લા પોલીસ વડા વિજય પટેલે હિંમતનગર પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે પદયાત્રીઓ માટે વિસામો ખુલ્લો મૂક્યો.
- છોટાઉદેપુરના જેતપુર પાવી કદવાલ રેન્જના વનવિભાગના કર્મચારી પર દીપડાએ હુમલો કરતાં મોત નીપજ્યું.
- અમરેલી જિલ્લાના ખાંભા તુલસીશ્યામમાં કૂવામાં પડેલા દીપડાને વનવિભાગની ટીમે સુરક્ષિત બહાર કાઢી જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડ્યો.
- પંચમહાલના ગોધરા ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે રોજગાર ભરતી મેળો યોજાયો.

-------------